# સેકટર-૨૬ કિસાનનગર ખાતે યુવકને મારવા ૧૫ થી ૨૦ શખ્સો ધસી આવ્યા

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા યુવકને સમર્પણ કોલેજ ખાતે અન્ય યુવક સાથે ઝઘડો થયો હતો . અગાઉ થયેલા ઝઘડાની અંગત અદાવત રાખી ડભોડાના રોહિતજી ઠાકોર અને અન્ય ૧૫ થી ૨૦ જેટલા શખ્સો સાથે મળીને સેકટર-૨૬ કિસાનનગર ખાતે યુવકના ઘરે જઈ ધમાલ મચાવી હતી. ઘરનો દરવાજો ખોલવા માટે ધમપછાડા કરી ગાળાગાળી કરી યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જયારે ફરીયાદીના દિકરાને પણ મારવા માટે બાઈક અને ગાડી લઈ પાછળ પડ્યા હતા. જો કે યુવકે પોતાનો જીવ બચાવી માંડ માંડ ઘરે પહોંચ્યો હતો. ત્યારે સમગ્ર બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે પ્લોટ નં.૨૧૬-૨ ખાતે પ્રવિણાબેન કેતનસિંહ ચાવડા પરિવાર સાથે રહે છે અને તેણીના પતિ કેતનસિંહ સિક્યુરીટીમાં ફરજ બજાવે છે. જયારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જયારે સૌથી નાનો દિકરો સત્યજીતસિંહ ટી.વાય.બી.કોમમાં સમર્પણ કોલેજ ખાતે અભ્યાસ કરે છે. એક વર્ષ પહેલા સત્યજીત સમર્પણ કોલેજમાં પ્રેસીડેન્ટ તરીકે નિમણુંક પામ્યો હતો. તેની અદાવત રાખી આજથી પંદર-વીસ દિવસ પહેલા ડભોડા ગામના રોહિતજી ગોવિંદજી ઠાકોર તેમજ અન્ય યુવકો સાથે બોલાચાલી ઝઘડો થયો હતો. સત્યજીતના પરિવારને ઝઘડાની જાણ થતા રોહિતજીના પિતા તેમજ અન્ય સગા-સંબંધીઓ સાથે મુલાકાત કરીને સમાધાન કરી લીધુ હતું. ત્યારે આજે પ્રવિણાબેનના પતિ નોકરી અને મોટો દિકરો બહાર ગયો હતો. જયારે સૌની નાનો દિકરો સત્યજીત કોલેજ ગયો હતો. તે સમયે પ્રવિણાબેન અને તેમના દિકરી ઘરે એકલા હાજર હતા. ત્યારે સવારના સાડા દશ વાગ્યાના સુમારે રોહિતજી ઠાકોર અને તેની સાથે અન્ય વીસ થી પચ્ચીસ જેટલા યુવકો બાઈક અને ગાડીઓ લઈ આવી પહોંચ્યા હતા. ઘરના વરંડાનો ઝાંપો ખોલી અંદર ઓશરી પાસે આવી ગયા હતા. જેમાં કેટલાક યુવકોએ મોંઢે રૂમાલ બાંધી રાખીને જોરજોરથી બુમો પાડતા હતા કે સત્યજીતને ઘરમાંથી બહાર કાઢો. જેથી પ્રવિણાબેન અવાજ સાંભળીને જોતા લોખંડની જાળીવાળો દરવાજો બંધ હતો. જે કેટલાક યુવકો જોરજોરથી બુમો પાડી દરવાજો પછાડી દરવાજો ખોલવા માટે કહેતા હતા. જેથી ફરીયાદીએ ડરના પગલે દરવાજો ખોલ્યો ન હતો અને પુછ્યુ હતું કે શું થયુ છે તો તેઓએ કહ્યુ હતુ કે સત્યજીત દાદા થઈ ગયો છે. આજે તેને જીવતો છોડવાના નથી. ફરીયાદીએ દિકરો કોલેજ ગયો હોવાનું જણાવવા છતા તેઓ જતા ન હતા. ઘરના દરવાજાની જાળી પછાડી ગાળો બોલી દરવાજો ખોલાવવા માટે હોહા કરતા હતા. જેથી ફરીયાદી અને તેણીના દિકરી દરવાજો ખોલી બહાર આવીને પોલીસને બોલાવવાનું કહેતા તેઓ તમામ રોડ પર જતા રહ્યા હતા. ત્યારબાદ સત્યજીત ભલે ઘરે નથી, પરંતુ આજે તેને ગમે ત્યાંથી શોધી કાઢી જીવતો છોડીશુ નહી અને તમારો દિકરો સત્યજીત આજે ઘરે પાછો આવશે નહી તેવી ધમકી આપી હતી.ત્યારબાદ હોહા થતા આસપાસના વસાહતીઓ એકઠા થઈ જતા નાસી ગયા હતા. ત્યારબાદ થોડીવારમાં બનાવની જાણ કરતા તેણીના પતિ અને દિકરો સત્યજીત પણ ઘરે આવ્યો હતો. ત્યારે ફરીયાદીએ દિકરા સત્યજીતને પુછતા તેણે જણાવ્યું હતુ કે આજે સવારે તે કોલેજ જતો હતો. ત્યારે સમર્પણ સર્કલ નજીક રેલ્વે ફાટક પાસે રોહિતજી ઠાકોર અને અન્ય ૧૫ થી ૨૦ યુવકો બાઈક તેમજ ગાડી લઈને મારવા માટે પાછળ પડ્યા હતા. જેથી તે બાઈક ભગાવી પેથાપુર થઈ ગ્રામભારતી અને વાસણ મહાદેવ થઈ પરત ગાંધીગર ઘરે આવ્યો હોવાની વાત કરી હતી. જેથી બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



મેં દારૂ ય ન પીધો અને તે સાડી પણ ન લીધી, એમ આપણે પ્રમાણિક મતદાન કર્યું છે... હવે જે સરકાર આપશે તે પ્રમાણિક જ હશે...!!!

## સિવિલના પાર્કિંગમાં લગાવેલા પતરાની આડશ દુર કરવા માંગ

ગાંધીનગર, તા.૬

શહેરના સિવિલ કેમ્પસમાં જ નાના-મોટા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. પાર્કિંગમાં લગાવેલા પતરાની આડશને પગલે નવા ગેટની અંદર પ્રવેશતા વાહનચાલકોને સામેથી આવી રહેલા વાહનો દેખાતા નથી. જેને પગલે રોજ બરોજ નાના મોટા અકસ્માત થતા રહે છે. ત્યારે હાલના સમયે પાર્કિંગ એરીયામાં કામ શરુ ન હોવાથી આડશ માટે લગાવેલા પતરા દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં હાલના સમયે ટ્રોમાં સેન્ટર અને ૧૦ માળની સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બિલ્ડીંગ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જો કે સાઈટ પર કામ ચાલતુ હોવાથી પતરાની આડશ કરી દેવામાં આવી છે. પરંતુ હાલ કામ શરુ નથી તે પાર્કિંગ એરીયામાં પણ પતરાની આડશ કરી છે. જેથી સિવિલમાં નવા ગેટથી એન્ટ્રી લેતા વાહન ચાલકો અને સિવિલ કેમ્પસમાંથી બહાર નીકળતા વાહનો સામસામે આવી જાય છે.જયારે પતરાને પગલે વાહનો નહી દેખાતા નાનામોટા અકસ્માત પણ સર્જાય છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા પાર્કિંગમાં લગાવેલા પતરાની આડશ દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર જિલ્લામાં મતદાન પછી હવે વિશ્લેષકો દ્વારા વિવિધ વોટ પેટર્નને લઈ ચર્ચાઓ શરૂ થઈ છે.

●જિલ્લાની પાંચ બેઠકોમાં ઓછા મતદાને કયા પક્ષના પરિણામો પર અસરો કરશે તે આજે શહેરભરમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

●નિરસ અને ધીમી ગતિએ મતદાનની પ્રક્રિયાને લઈ રાજકીય ઉમેદવારો પણ ચિંતામાં ગરકાવ થયા છે.

●આજે મતગણતરીને લઈ કેન્દ્રીય ચૂંટણીપંચે જિલ્લાના તંત્રને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આપી હતી.

●મતદાન પછી મતગણતરીને લઈ તંત્ર ગળાડૂબ બન્યુ છે. ભીડ નિયંત્રણ માટે પણ એકશન પ્લાન બનાવ્યો હોવાનું જાણવા મળેલ છે.

●સરકારની રચના સપ્તાહના અંતિમ દિવસોમાં જ થઈ જશે તેવી અટકળોએ પાટનગરનો માહોલ ગરમાયો છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

●ગઈકાલ મોડી રાત સુધી ચૂંટણીની કામગીરીમાં અધિકારીઓ-કર્મચારીઓ વ્યસ્ત રહેતા આજે તંત્ર સુમસામ ભાસતુ હતુ.

●આગામી સપ્તાહથી જિલ્લાની કચેરીઓ ધમધમતી થશે.

●જિલ્લામાં ઠંડીની મોસમ જામતાં હળદર ખાવાની ડિમાન્ડ વધવા પામી છે.

●ગાંધીનગર મનપા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૩ને લઈ તેની તૈયારીઓ વેગીલી બનાવી છે.

●ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની સીટી બસોનું સંચાલન નિયમિત બને તેવી લોકોમાં માંગ વધી છે.

## અડાલજ દારૂ પ્રકરણમાં હજુ પણ બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૬

વિધાનસભાની ચુંટણીમાં દારૂની હેરાફેરી રોકવા માટે પોલીસની ટીમો સતત સતર્ક રહી કામગીરી કરી રહી હતી. પોલીસે વિવિધ સ્થળો પર દરોડા પાડી દેશી તેમજ વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. ત્યારે મતદાનના ગણતરીના દિવસ પહેલા અડાલજ બાલાપીર દરગાહ થી ઝુંડાલ જતા માર્ગ પર સુદર્શન સોસાયટીની પાછળ ખુલ્લા ખેતરમાં આવેલા મકાનમાંથી એલસીબી પોલીસની મહિલા ટીમે બાતમીને પગલે રૂ.૨૦ લાખથી વધુની કિંમતનો ૪૯૪ પેટી વિદેશી દારૂ પકડી પાડતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે અડાલજ દારૂ પ્રકરણમાં બે શખ્સોના નામ સામે આવતા પોલીસે તેઓને પકડવા માટે પ્લાન તૈયાર કરી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિધાનસભાની ચુંટણીપૂર્વે દારૂની રેલમછેલ અટકાવવા માટે પોલીસ ઠેરઠેર દરોડા પાડી રહી છે. ત્યારે ગત તા.૨ ના રોજ એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ મહિલા ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. તે સમયે ચોકક્સ બાતમી મળી હતી કે અડાલજ વિસ્તારમાં બાલાપીર દરગાહ થી ઝુંડાલ જતા માર્ગ પર સુદર્શન સોસાયટીની પાછળ ખુલ્લા ખેતરમાં આવેલા મકાનમાંથી વિદેશી દારૂનો વિપુલ માત્રામાં ઝડપી પાડ્યો હતો. મકાનમાં રસોડાના આગળના ભાગે ડાઈનીંગ એરીયામાં વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૪૯૪ પેટી જેમાં ૨૩,૭૧૨ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨૦ લાખથી વધુનો દારુ પકડી પાડી તપાસ હાથ ધરતા વિશાલ પ્રમોદ પટેલ અને સિધ્ધાર્થ પટેલના નામ સામે આવતા તેઓ અંડર ગ્રાઉન્ડ થઈ ગયા છે. જો કે પોલીસે પણ તેઓને પકડવા માટે તક્ષો ઘડી કાઢ્યો છે.

## કલોલ યુવક પર હુમલા પ્રકરણમાં ૧૩ શકમંદ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ગતરોજ ચુંટણી પૂર્ણ થયા પછી એક યુવાન પર હુમલાની ઘટના ઘટી હતી. જેથી જિલ્લાભરની પોલીસ દોડતી થઈ ગઈ હતી અને કલોલ શહેરમાં પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો હતો. બોરીસણા સુદર્શન ચોકડી નજીક યુવક ઉપર ધારીયા વડે હુમલો થયાની ઘટના પ્રકાશમાં આવી હતી.

ત્યારે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ હરકતમાં આવી હતી અને તાત્કાલીક ૧૩ જેટલા શકમંદ શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રીના સમયે કલોલ પંચવટી વિસ્તારમાં રહેતો જયમીન પ્રહલાદભાઈ પટેલ તેની સાયકલ લઈને ઘર તરફ જઈ રહ્યો હતો. તે સમયે અચાનક તેની પાછળ ૨૦ થી ૨૫ વ્યકિતનું ટોળુ ધોકા અને હથીયાર સાથે તેની પાછળ પડ્યું હતું. જેથી યુવક જયમીન બચવા માટે સુદર્શન આવેલી એક હેર કટીંગની દુકાનમાં જતો રહ્યો હતો.

તેમ છતા યુવકને દુકાનની બહાર કાઢીને માથાના ભાગે તલવાર મારી હતી. જયારે વાળંદ બચાવવા માટે વચ્ચે પડતા તેને પણ શરીરે ઈજા પહોંચી હતી.

જયારે ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. ત્યારબાદ કલોલ તાલુકા પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ખુનની કોશિષનો ગુનો નોંધાયો છે. ત્યારે પોલીસે ૧૩ જેટલા શંકાસ્પદ શખ્સોને પકડી પાડી પુછપરછ શરુ કરી છે. જેમાં આ ગુનામાં કોણ સંડોવાયેલ હતુ અને કોણ નહી તે બાબતે પણ પુરાવા મળ્યા બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

પોલીસ હાલમાં તો વિવિધ દિશામાં તપાસ કામગીરી તેજ કરી રહી છે. જયારે ફરીયાદ સામે પણ કલોલ તાલુકા પોલીસ મથકે ૨૦ થી વધુ ગુના નોંધાયેલા છે. જયારે આ બનાવ ચુંટણીને લઈને બન્યો છે કે નહી તેની પણ તપાસ ચાલી રહી છે. રાત્રે યુવક પર હુમલાની ઘટનાને પગલે કલોલ શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતું. જયારે પોલીસે ૧૩ જેટલા શકમંદ શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્યપાલે ગુજરાત વિદ્યાપીઠના સાદરા ખાતેના કેન્દ્રની મુલાકાત



ગાંધીનગર, તા.૬

રાજયપાલએ સાદરા કેન્દ્રના બાયોગેસ-રીસર્ચ અને માઈક્રોબાયોલોજી, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ અને શારીરિક શિક્ષણ વિભાગની મુલાકાત લીધી. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠનું કુલપતિ પદ ગ્રહણ કર્યા બાદ સાદરા ગામ ખાતે આવેલાં કેન્દ્રની પ્રથમ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, ગુજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીને વિષયના જ્ઞાન સાથે જીવનલક્ષી શિક્ષણથી સજ્જ બનાવે છે. રાજયપાલ એ ગ્રામ વિકાસના ધ્યેય સાથે વિદ્યાપીઠના સમૂહજીવનના શિક્ષણને મહત્વપૂર્ણ ગણાવ્યુ હતું. રાજયપાલએ વિદ્યાર્થીઓને જીવન પર્યંત સતત શીખતા રહેવાની શીખ આપતા જણાવ્યુ હતું કે, આજીવન શીખતા રહેનાર વ્યક્તિ સમક્ષ સમગ્ર વિશ્વ જ્ઞાનનો ભંડાર છે. તેમણે વિદ્યાર્થીઓને નિરાશા અને અભાવની હિનતાથી દૂર રહીને સતત વિકાસ માટે દૃઢ ઈચ્છાશક્તિ અને કર્મઠતા દ્વારા યોગ્યતા પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે, ઈતિહાસ પુરુષોએ સંઘર્ષપૂર્ણ સામાન્ય જીંદગી જીવીને શ્રેષ્ઠ કર્મ દ્વારા સફળતા હાંસલ કરી છે. તેમણે મહાપુરુષોના જીવનવૃત્તને વાંચવા અને સફળ જીવનની પ્રેરણા મેળવવા વિદ્યાર્થીઓને આગ્રહ કર્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠના સાદરા ગામ ખાતેના સંકુલની પ્રથમ મુલાકાત દરમિયાન રાજયપાલએ અહીં બાયોગેસ રીસર્ચ સેન્ટર અને માઈક્રોબાયોલોજી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ અને શારીરિક શિક્ષણ વિભાગનું અવલોકન કર્યું હતું.

રાજયપાલશ્રીએ શારીરિક શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલા યોગ-આસન અને વ્યાયામ કૌશલ્યોને નિહાળ્યા હતા. તેમણે માઈક્રોબાયોલોજીના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ સાથે અહીં ઉપલબ્ધ શિક્ષણ અને સંશોધન સુવિધા વિશે સંવાદ કર્યો હતો. તેમણે અહીંના પુસ્તકાલય અને ગૌ-શાળાની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કાર્યકારી કુલસચિવ નિખિલ ભટ્ટ તેમજ વિવિધ વિભાગના વડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિગતો પ્રસ્તુત કરી હતી.



ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં બીજા તબક્કાના મતદાનમાં ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટે સોમવારે મતદાન યોજાયું હતું જેમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં મતદારોએ ખૂબ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. કલોલ તાલુકાના કાંઠા ગામે સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલા મતદાનમાં દિવ્યાંગ મતદારોએ પણ મતદાનને પોતાની ફરજ સમજી મતદાન કર્યું હતું.

# વાવોલમાં પાઈપલાઈનના કામ દરમિયાન માટી ધસતાં બે મજૂર દટાયા

### સદભાગ્યે બંને મજૂરોને જીવતા બહાર કાઢી લેવાતા મોટી દુર્ઘટના ટળી : વિકાસ કાર્યોમાં સુરક્ષા અને સલામતી બાબતે પ્રશ્નાર્થ

ગાંધીનગર તા.૬

શહેરમાં ચાલતા વિવિધ નિર્માણ કાર્યો અને વિકાસ કાર્યોમાં સુરક્ષા અને સલામતીના ચોક્કસ ધારાધોરણ અનુસાર તેની વ્યવસ્થા કરવાની હોય છે પરંતુ મોટેભાગે તે બાબતે બેદરકારી સેવાતી હોય છે અને અનેકવાર દુર્ઘટના સર્જાતી હોય છે. સમગ્ર ગાંધીનગર શહેર વિસ્તારમાં અત્યારે નવી ગટર લાઈનો અને પાણીની પાઈપ લાઈનમાં નાખવાનું કામ ચાલી રહ્યું છે જે અંતર્ગત વાવોલ ખાતે ચાલી રહેલા પાઈપલાઈન નાંખવાના કામ દરમિયાન આજે સાંજે માટી ધસી પડવાથી બે મજૂરો દટાઈ જવાની ઘટના સર્જાઈ હતી. વાવોલના મહાકાળી મંદિર નજીક સર્જાયેલી આ ઘટનામાં બંને મજૂરોને તુરંત જ બહાર કાઢી લેવાતા સદભાગ્યે મોટી દુર્ઘટના ટળી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આટલી મોટી ઘટના દરમિયાન પણ ફાયર બ્રિગેડ કે



એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી નહોતી. ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં નવી પાઈપલાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે જેના કારણે સમગ્ર વિસ્તારમાં ખોદકામ તેમજ માટીના ઢગ નજરે પડે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર વાવોલના ભાગોળ વિસ્તારમાં મહાકાળી મંદિર નજીક પાઈપલાઈન નાખવાના કામકાજમાં આજે સાંજે બે શ્રમિકો અંદર ખાડામાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક માટી ધસી પડતા બંને શ્રમિકો દટાઈ જવા પામ્યાં હતા.

આ ઘટનામાં તુરંત જ બુમાબૂમ થતા અન્ય શ્રમિકો તેમજ આસપાસના નાગરિકો ઘટના સ્થળે દોડી આવ્યાં હતા. જોકે માટીમાં દટાયેલા બંને શ્રમિકોના માથા બહાર હોવાથી તેમને શ્વાસ લેવામાં કોઈ તકલીફ પડી નથી અને તુરંત જ રાહત કાર્ય શરૂ કરી દેવાયું હતું. જેસીબી મશીન દ્વારા ખાડામાંથી માટીને દૂર કરાવાઈ હતી અને ત્યારબાદ અન્ય શ્રમિકો દ્વારા બંને મજૂરોને બહાર સહીસલામત બહાર કાઢવામાં આવ્યાં હતા. અચાનક સર્જાયેલી આ ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાની થઈ નથી અને મોટી દુર્ઘટના ટળી હતી પરંતુ આ ઘટનાને કારણે ફરી એકવાર શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યોમાં સુરક્ષા અને સલામતી બાબતે બેદરકારી દાખવાથી હોવાનું નાગરિકોમાં ગણગણાટ શરૂ થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલમાં ચાલી રહેલા ગટર લાઈન નાખવાના કાર્યમાં ગટર લાઈનની પાઈપની સાઈઝ, પાઈપલાઈનની ઊંડાઈ બાબતે નાગરિકોમાં અસંતોષ અને શ્રમિકોની સલામતી અને સુરક્ષા માટે આધુનિક ઉપકરણોના ઉપયોગનો અભાવ જેવી બાબતો અંગે ભારે બેદરકારી સેવામાં આવતી હોવાનો સ્થાનિકોમાં મત જોવા મળે છે.

# IIT ગાંધીનગરે સ્થાપનાથી અત્યાર સુધીમાં પરોપકારી ભંડોળની પ્રાપ્તિમાં ૧૦૦ કરોડનો માઈલસ્ટોન પાર કર્યો

ગાંધીનગર, તા.૬

તેનીદૂરદર્શી શૈક્ષણિક નવીનતાઓ, સામાજિક પ્રભાવ માટે સંશોધન શ્રેષ્ઠતા પર ધ્યાન કેન્દ્રિત કરવા,અને સંસ્થાકીય શાસન માટે વૈશ્વિક સ્તરે ઓળખાતી આ યુવા સંસ્થાએમાત્ર ૧૪ વર્ષમાં આ સિદ્ધિ હાંસલ કરી છે ગાંધીનગર:એક ઐતિહાસિક સિદ્ધિમાં, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN)એ તેની સ્થાપનાથી અત્યાર સુધીમાં પરોપકારી ભંડોળની પ્રાપ્તિમાં રૂ. ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે. ૨૦૦૮માં સાધારણ દાનથી શરૂઆત કરીને, ૧૪ વર્ષની યુવા સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી સતત વાર્ષિક રૂ. ૧૦ કરોડથી વધુનું ભંડોળ એકત્ર કરી રહી છે.



IITGN એ વિશ્વભરમાં ફેલાયેલા તેના શુભચિંતકોના ઉદાર પરોપકારી સહયોગ સાથે આટલા ટૂંકા ગાળામાં આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જેમણે વર્ષોથી તેની દૂરદર્શી શૈક્ષણિક નવીનતાઓ અને સંસ્થાકીય શાસન પદ્ધતિઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેના મોટાભાગના યોગદાનકર્તાઓ બિન-ભૂતપૂર્વ વિદ્યાર્થીદાતાઓ છે, જે મુખ્યત્વે ગુજરાતી મૂળના છે અનેભારતમાં અથવા વિદેશમાં સ્થિત છે.

પ્રોફેસર રજત મૂના, ડાયરેક્ટર, IITGNએ જણાવ્યું કે, IITGN એ એક પથદર્શક છે જેણે તેના સમકાલીનો માટે ઘણી નવી ક્ષિતિજો ખોલી છે. પરોપકારી ભંડોળની મેળવવામાં રૂ. ૧૦૦ કરોડને વટાવવું, તે પણ મુખ્યત્વે એવા શુભચિંતકો તરફથી જેઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નથી, એ તેના વિચારો અને દ્રષ્ટિ માટે જ નહી, પરંતુ ક્રિયાઓ અને પરિણામોમાં તેમના પરિવર્તન માટે પણ એક સન્માન છે. અમે અમારા દાતાઓનો તેમના વિશ્વાસ અને વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટેના તેમના સહયોગ માટે આભાર માનીએ છીએ, અને સામાજિક ભલાઈ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ માટે નવા પડકારોને સ્વીકારવા અને નવીન વિચારોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.''

આ અસાધારણ સિદ્ધિની પ્રશંસા કરતાં, યુ.એસ.મા IITGN ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સંસ્થાના ઉત્સાહી, લાંબા ગાળાના શુભચિંતક શ્રી રુયંતન મહેતાએ જણાવ્યું કે, ''એક યુવાન IIT માટે તેના અસ્તિત્વનાટૂંકા સમયગાળામાં૧૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવા એ એક મોટી સિદ્ધિ છે. આ IIT ગાંધીનગરની અનોખી સંસ્કૃતિ, શૈક્ષણિક દ્રઢતા,અને અદ્ભુત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે ઘણું કહી જાય છે. યુએસમાં IIT ગાંધીનગર ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે સેવા આપવા બદલ મને ગર્વ છે.'' સંસ્થાને અભિનંદન આપતાં, મૌલિક જસુભાઈ, ચેરમેન જસુભાઈ ગ્રૂપ, મુંબઈ, જેમણે સંસ્થામાં ઘણા કાર્યક્રમોને સમર્થન આપ્યું છે, સંસ્થાના નેતૃત્વ અને સંચાલનની પ્રશંસા કરી અને કહ્યું, ''આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ IIT ગાંધીનગરના નવીન અને હેતુપૂર્ણ નેતૃત્વનું એક મહાન પ્રતિબિંબ છે. જેમ હું IIT ગાંધીનગરને જાણું છું, આ માઈલસ્ટોન આ સંસ્થાને આપણા રાષ્ટ્રની સેવામાં વધુ ઉંચાઈ હાંસલ કરવા માટે વધુ વેગ અને પ્રેરણા આપશે.''



અર્ધલશ્કરી દળ બીએસએફમાં ભરતી યોજાઈ રહી છે. રવિવારે આ ભરતીમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા. યુવાનો ખુબ મોટી સંખ્યામાં આવતા શહેરની તમામ હોટલો અને ગેસ્ટહાઉસ ફુલ થઈ ગયા હતા. યુવાનોને કોઈ આશરો ન મળતા આકરી ઠંડીમાં તેઓ ફૂટપાથ પર સુવા મજબૂર બન્યા હતા.

**Name Change**



My old name as per academic was **RUTUBH GITESH MEHTA**. I have change my name from **RUTUBH GITESH MEHTA** to **RUTUBH TUSHARKUMAR BHATT** for further studeis purpose.

**Both are same person**
**B-503, Shree Sharnam, Sargasan, Gandhinagar-382421.**